FRANKLIN TEMPLETON

પ્રેસિડન્ટ તરફથી પત્ર

**9 ડિસેમ્બર, 2020**

પ્રિય ભાગીદાર,

માનનીય સુપ્રીમ કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલા હુકમ અંગે મે તે અંગેની માહિતી વિશે માહિતગાર કર્યા હતા અને મતદાનની પ્રક્રિયા પર આગળ વધી રહ્યો છું. અમે મતદાનની પ્રક્રિયા હાથ ધરવા માટે આગળ કામ કરવાનું ચાલુ રાખીએ છીએ ત્યારે માનનીય સુપ્રીમ કોર્ટ પાસેથી વધુ માહિતી મળી છે અને મને લાગે છે કે આજે પસાર કરવામાં આવેલા વચગાળાના હુકમનો ઝડપી સારાંશ તમારી સાથે શેર કરવો અગત્યનો છે:

- જાન્યુઆરી 2021ના ત્રીજા સપ્તાહમાં હાથ ધરનારી સૂનાવણી સુધી રિડીમ્પશન્સ ઉપર પ્રતિબંધ ચાલુ રહેશે.
- રેગ્યુલેશન 18 (15)(c) હેઠળ મતદાનની પ્રક્રિયા પર દેખરેખ રાખવા માટે સેબી એક નિરીક્ષકની નિમણૂંક કરશે. મતદાનના પરિણામો અને નિરીક્ષકનો અહેવાલ મહોરબંધ કવરમાં માનનીય સુપ્રીમ કોર્ટને સુપરત કરવામાં આવશે.

**તમારા માટે શું અર્થ થાય છે**

સેબી (મ્યુચ્યુઅલ ફંડ) રેગ્યુલેશન 1996ના રેગ્યુલેશન 18 (15)(c) હેઠળ છ સ્કીમો બંધ કરવા માટે યુનિટધારકોની સંમતિ મેળવવા માટે હવે પછીના પગલાની કાર્યવાહી ચાલુ રાખીશું.

મહત્તમ ભાગીદારીની ખાતરી કરવા માટે, યુનિટધારકોની સંમતિ મેળવવાની પ્રક્રિયા “ઇલેક્ટ્રોનીક મતદાન” મારફતેની રહેશે અને ત્યારબાદ વીડિયો કોન્ફરન્સ દ્વારા બેઠક યોજાશે. પોર્ટલ મતદાન માટે 26 ડિસેમ્બર 2020ના રોજ સવારે 9.00 (આઇએસટી) કલાકથી ખુલશે અને 28 ડિસેમ્બર 2020ના રોજ સાંજે 6.00 (આઇએસટી) કલાક સુધી ખુલ્લું રહેશે. ત્યાર બાદ 29 ડિસેમ્બર 2020ના રોજ વીડિયો કોન્ફરન્સ દ્વારા યુનિટધારકોની બેઠક યોજાશે. જે યુનિટધારકોએ અગાઉ મત આપ્યો ન હતો અને યુનિટધારકની બેઠકની બેઠકમાં હાજરી આપે છે તેમને બેઠક દરમિયાન મત આપવાની મંજૂરી આપવામાં આવશે.

હવે પછીના થોડા દિવસોમાં યુનિટધારકો KFin (કેફિન) ટેકનોલોજીસ તરફથી યૂઝર આઇડી અને પાસવર્ડ પ્રાપ્ત કરશે. દરમિયાનમાં મારી ટીમ અને હું જો તમને કોઇ પ્રશ્ન હોય તો તેના નિકાલ કરવા માટે ઉપસ્થિત છીએ.

અમે અમારા ભાગીદારો અને ભાગીદારોનો આજ દિન સુધીમાં આપેલા સમર્થનની કદર કરીએ છીએ અને સ્કીમ્સને બંધ કરવા સફળ સંમતિ માટે તમારો સહયોગ માગીએ છીએ.

કૃપા કરીને એ નોંધી રાખશો કે આજ પ્રકારનો પત્રવ્યવહાર દરેક અસરકર્તા રોકાણકારો સાથે પણ કરવામાં આવ્યો છે.

જો કોઇ વધુ પ્રશ્નો હોય તો કૃપા કરીને અમારી હેલ્પલાઇન 1-800-425-9100 અથવા 1-800-258-9100 પર

સોમવારથી શુક્રવાર સુધી સવારના 9થી સાંજના 6 સુધી અને શનિવારે સવારના 9થી બપોરના 2 સુધીમાં કોલ કરશો. ઉપરાંત તમે અમને distserve@franklintempleton.com પર ઇમેઇલ પણ કરી શકો છો. કૃપા કરીને સુરક્ષિત અને તંદુરસ્ત રહો.

આપનો નિષ્ઠાવાન,

સંજય સપ્રે

પ્રેસિડન્ટ, ફ્રેંક્લીન ટેમ્પલ્ટન એસેટ મેનેજમેન્ટ (ઇન્ડિયા) પ્રા. લિમીટેડ

Disclaimer

The information contained in this communication is not a complete representation of every material fact and is for informational purposes only. Statements/ opinions/recommendations in this communication which contain words or phrases such as “will”, “expect”, “could”, “believe” and similar expressions or variations of such expressions are “forward – looking statements”. Actual results may differ materially from those suggested by the forward-looking statements due to risk or uncertainties associated with our expectations with respect to, but not limited to, exposure to market risk, general economic and political conditions in India and other countries globally, which have an impact on the service and / or investments. The AMC, Trustee, their associates, officers, or employees or holding companies do not assure or guarantee any return of principle or assurance of income on investments in these schemes. Please read the Scheme Information Document carefully in its entirety prior to making an investment decision and visit our website http://www.franklintempletonindia.com for further details.

Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.